સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

તોડ-ફોડ,વાટી-કૂટી, ઘાટી ખૂબ, ભાંગ ચઢી છે,
ખૂરશીનું ચડ્યું ગાંડપણ, ખૂબ ભાંગ ચઢી છે.
ચઢી ગઈ છે મગજમાં, હસ્યા કરે ખાલીખોટું -
હવે ખૂલી છે ભૂખ સત્તાની, ખૂબ ભાંગ ચઢી છે...

જબ્બરજસ્તી -
મળી પ્રસિદ્ધિ સસ્તી,
રહે છે મસ્તી...

સત્તાનો કેફ
રાખે 'મદ'માં મસ્ત -
ભાંગનો નશો!

હાઈકુ

ચિંતન

હે જિહ્વે કટુ સ્નેહેન મધુરં કિં ન ભાષસે ।
મધુરં વદ કલ્યાણ, લોકો હિ મધુરપ્રિયઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

હે કલ્યાણી જીભ!! સ્નેહમાં કટુતા ભલેને હોય પણ તને મધુર બોલતાં શું થાય છે?? હે જીભ, તું મધુર જ બોલ, કારણ કે જગતને મીઠા બોલ અને મધુર વાણી જ પ્રિય છે.

સ્નેહ કે સંબંધમાં તિરાડ પડે એટલે વ્યક્તિના સદ્‌ગુણોનું બાષ્પીભવન થઈ જાય છે અને રાઈ જેવા દોષ પણ મોટા દેખાવા લાગે છે. પરિણામે તેનો પડઘો વાણીમાં પડ્યા વિના રહેતો નથી. હૃદયની કટુતા વાણીમાં આવી જાય છે. આ મોટાભાગના વ્યવહારની વાસ્તવિકતા છે.

જ્યારે ઝગડો થાય ત્યારે એકબીજાથી દૂર રહેવું જોઈએ. ભાષા સૌમ્ય હોય તો કટુતા આપોઆફ ઓછી થતી જાય. અથવા બીજો વિકલ્પ છે મૌન રહેવું મૌન રહેવાથી કટુતા વધતી નથી પણ અટકે છે. અને સમય જતાં કટુતા ઘટતી જાય છે.

સુવિચાર

- જો તમે કોઈ મીણબત્તી પેટાવવા ન હો, તો અંધકાર વિશે ફરિયાદ ન કરો - **સંત રોબિન**
- જે માણસ સત્યમાન જીવન જીવશે તે સાગર બની જશે,
  તેની પાસે બોલાવ્યા વગર બધી જ નદીઓ જાય છે - **માનસસૂત્ર**
- બુદ્ધિ બે પ્રકારની હોય છે. એક સુમતિ અને બીજી કુમતિ.
  જે ધર્મ સાથે પરણી તે સુમતિ અને અધર્મ સાથે પરણી તે કુમતિ - **જીવન પાથેય**
- ધર્મના શાસ્ત્રો ને શસ્ત્ર ન બનાવતા, ધર્મ તો એ છે કે શસ્ત્રને શાસ્ત્રમાં ફેરવી નાખે - **વલ્લભાચાર્યજી**
- કરે જે કામ નિષ્ઠાથી, તેની મહેનત ફળે છે, નસીબને દોષ દેનારા જ, જયા ત્યાં આફળે છે, નથી આ ફૂલોની શૈય્યા, કતારો કંટતોની છે, છતાં પુરુષાર્થ પ્રેમીને, હંમેશા ફળ મળે છે - **સાધુ પ્રેમવત્સલદાસજી**
- જબ ઠોંકરે ખા કર ભી ના ગિરો, તો સમઝ લેના દુઆઓં ને થામ રખ્ખા છે - **અસલમ ચિનગારી**
- આજનું ઔષધ : પાંચ ગ્રામ એલોવેરાનું તાજું જેલમાં પંદર ગ્રામ જેટલું મધ અને એક ચપટી ખાંડ મેળવી સવાર-સાંજ ખાવાથી પેટની બળતરા, એસિડીટીમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જર્મનીની રચના કરનાર બિસ્માર્ક જુદા જુદા ભાગોમાં વહેંચાયેલા પ્રુશિયા, ઓસ્ટ્રિયા વગેરે જોડીને જર્મની બનાવ્યું. તે વખતે તેમણે સરદાર પટેલ જેવી રીતે પ્રાંતોને જોડીને જર્મનીની રચના કરી હતી. બિસ્માર્કની રાજકીય મુત્સદ્દીગીરી અદ્‌ભૂત હતી. પ્રુશિયાના રાજા અને સરસેનાપતિ યુદ્ધ માટે તૈયાર ન હતા. મોટા ભાગના મંત્રીઓ પણ યુદ્ધની વિરુદ્ધ માટે નિરુત્સાહ હતા. સૈન્યનું મનોબળ હજી નબળું હતું. પણ બિસ્માર્ક આક્રમક અને યુદ્ધ તરફી હતા. એમણે પ્રુશિયાની પાર્લામેન્ટમાં ૧૮૫૦માં સૌને સંતોષ આપે એવું શાંતિની તરફેણ કરતું જોરદાર ભાષણ કર્યું. એ વખતે એ પાર્લામેન્ટના સાવ સામાન્ય સભ્ય હતા. પણ એમના આ ભાષણથી રાજાએ એમને મંત્રીમંડળમાં સ્થાન આપ્યું. મંત્રી બન્યા પછી એમણે લશ્કરને બળવાન બનાવ્યું. સામાન્ય સૈનિકથી માંડી સેનાપતિ સાથે ઘરોબો બાંધ્યો. સૌનો વિશ્વાસ જીત્યા પછી એમણે રાજાને પણ વિશ્વાસમાં લીધા. અખંડ જર્મની માટે ઓસ્ટ્રિયાનો જબરદસ્ત વિરોધ હતો. બિસ્માર્ક શાંતિ અને ભાઈચારાની વાતો ફેલાવી ઓસ્ટ્રિયાને અંધારામાં રાખ્યું. પછી એકાએક યુદ્ધ કરીને ઓસ્ટ્રિયાને હરાવી દીધું. જર્મનીને એક મહાસત્તા બનાવ્યા બાદ તેઓ બોલ્યા, 'અમુક પ્રશ્નો ભાષણોથી ઉકળતા નથી, પણ લોહ (શસ્ત્રો) અને લોહીથી ઊકલે છે.' સાર એ છે કે પૂર્ણ તૈયારી સુધી પોતાનું ધ્યેય છૂપું રાખવું એ મુત્સદ્દીગીરી આ વ્યક્તિમાંથી શીખવા મળે છે.

જૂના પુરાણા અવૈજ્ઞાનિક ખ્યાલો ત્યજીએ

તંત્રીસ્થાનેથી...

કુદરતે સ્ત્રી અને પુરુષને એકબીજાના પૂરક જરૂર બનાવ્યાં છે પરંતુ બેઉને વંશવેલો વધારવા અલગ અલગ અંગો અને વ્યવસ્થા આપી છે. દીકરી ચૌદેક વર્ષની થાય ત્યારે એને માસિક ધર્મ આવવાનું શરૂ થાય છે. દર મહિને આ માસિક ધર્મની જાણ એને રક્તસ્રાવ દ્વારા થતી હોય છે. માસિક ધર્મમાં બેસવા માંડેલી કન્યા ગર્ભધારણની લાયકાત ધરાવતી થઈ જાય છે. આપણા ધર્મશાસ્ત્રોમાં ક્યાંય આ 'માસિક ધર્મ' વાળી કન્યાની આબડછેટ રાખવાનું નથી લખ્યું. પરંતુ પાછળની પુરુષપ્રધાન સમાજે આ ત્રણ-ચાર દિવસને આભડછેટના દિવસો ગણાવવા માંડ્યા અને સ્ત્રી બિચારી મૂંગી મૂંગી પુરુષજાતના એ આદેશને માથે ચડાવતી રહી. આશ્ચર્યની વાત તો એ છે કે હિંજુ સમાજ સિવાય અન્ય સમુદાયોમાં આવી આભડછેટ પળાતી નથી. 'આભડછેટ' અથવા 'છેટે બેસવું' કે 'લૂંગડા આવવાં' એ એક કુદરતી વ્યવસ્થા છે. એ સમય દરમિયાન સ્ત્રીના અંડકોષ ('ઓવરી')માંથી સ્ત્રી બીજ એના ગર્ભાશયમાં પ્રવેશે છે. આપણા ધર્મધુરંધરોએ સ્ત્રીના આ કુદરતી શારીરિક ઉપક્રમ ને એના ઉપર બિનજરૂરી દબાણ લાવવા ખપમાં લીધો છે. મૂળ આશય કદાચ સારો જ હશે. એ લોહિયાળ દિવસોમાં સ્ત્રી ખૂણો પાળે, રસોઈ કે પૂજા જેવી પ્રવૃત્તિથી દૂર રહી આરામ મેળવે એવી ગણતરીથી આ વ્યવસ્થા વિચારાઈ હશે. પરંતુ કાળક્રમે એ કર્મકાંડ સ્ત્રીને ઊતરતી અને એટલા દિવસો પૂરતી અસ્પૃશ્ય ગણવામાં પરિણમ્યો છે. ભુજ ખાતે આવેલ સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટની કન્યાઓને એમના માસિક ધર્મની તપાસ માટે વૉશરૂમમાં લઈ જઈ પ્રતાડિત કરાઈ તે ઘટના ખરેખર ધર્મ અને સમાજ ઉપરાંત શિક્ષણ જગત માટે ઘણી જ શરમજનક અને કલંકરુપ ઘટના છે. કન્યાઓએ વિરોધનો સૂર કાઢ્યો તો એમને સંસ્થામાંથી રૂખસદ આપવાની ધમકી અપાઈ. આવા જડ વલણ સામે સમાજ અને સરકારે એ દુખિયારી અને ઓશિયાળી કન્યાઓની પડખે રહેવું જોઈએ. માસિક ધર્મમાં આવેલી કન્યાએ રસોડામાં, મંદિરમાં કે અન્ય સામાજિક પ્રસંગોમાં હાજર ન રહેવું જોઈએ તેવી બંધિયાર વિચારધારા સામે હાઈકોર્ટે પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે, વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં આ ગાળા દરમિયાન પણ સ્ત્રી પૂરતી સક્ષમ હોય છે. એ રોજિંદાં કામ આસાનીથી કરી શકે છે. બહુ બહુ તો એ દિવસો દરમિયાન સમાગમ ન કરે તે ઈચ્છનીય છે, કારણ કે એથી ચેપ લાગવાની સંભાવના રહે છે. ધર્મધુરંધરો અને અવૈજ્ઞાનિક વિચારસરણીમાં ઊછરેલા વડીલોને આ વાત જલ્દી મગજમાં ન ઊતરે તે સ્વાભાવિક છે. એથી હાઈકોર્ટની ખંડપીઠે આ અજ્ઞાન દૂર કરવા યોગ્ય પગલાં ભરવા સરકાર અને સમાજને અપીલ કરી છે. કેટલીક કુંઠાઓને કારણે આપણા સમાજમાં સેક્સ એજ્યુકેશનના નામે મીંડું જ રહેવા પામ્યું છે. છેલ્લા થોડાક દાયદાઓથી વર્તમાનપત્રો આવી કટારો જરૂર ચલાવે છે. પણ કન્યાઓ એ વાંચતાં પણ સંકોચ અનુભવે છે. સેક્સ એ તો જિંદગીનું રળિયામણું વરદાન છે. એને અપવિત્ર ગણવાથી જ મૂંઝાયેલા યુવાનો ક્યારેક બધાં બંધનો તોડી દુષ્કર્મ ભળી વળે છે. પ્રગતિનાં તમામ માપદંડોમાં આપણે આગળ નીકળી ગયા હોઈશું પરંતુ જીવનના આ સૌથી અગત્યના અંશ પ્રત્યે ધરાર બેદરકાર અને ઉદાસીન છીએ તે કબૂલવું જ રહ્યું.

શિવ ઉપાસનાનું મંગલ પર્વ શિવરાત્રી

ઘટમાં શિવ, નજરમાં સુંદર, મનમાં સત્યનું અક્ષય કામ.
આજ એના પુણ્ય પ્રતાપે, તન છે અમારું તીરથ ધામ.

●●●

શિવ ઉપાસનાનું મંગલ પર્વ શિવરાત્રી.

આપણા વેદોમાં ત્રણ મહાન રાત્રિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એક કાળરાત્રિ જે કાળી ચૌદસ. બીજી મોહરાત્રી એટલે જન્માષ્ટમી અને ત્રીજી મહા શિવરાત્રી તરીકે ઓળખાય છે. આ મતો દર મહિનાની વદચૌદસ શિવરાત્રી કહેવાય છે, પણ મોટે ભાગે મહાવદ ચૌદસ એટલે મહાશિવરાત્રીનું મહત્ત્વ અનેરું છે.

આપણા સકલ સૃષ્ટિને શિવત્વનો સંદેશ આપે છે. 'શિવો ભુત્વા શિવંયજેત્'

શિવની ઉપાસના થકી શિવ બનીએ. શુભચિંતન અને સતત જાગ્રતિપૂર્વક આ વ્રતનું પાલન કરનાર એક જ રાતમાં શિવત્વને પામી શકે. અલબત્ત એ રાત્રિ રેટલી લાંબી હશે એ વ્યક્તિના મનમાં શિવત્વ પામવાની ઈચ્છાની પ્રબળતા પર નિર્ભર છે. અર્થાત્ સાચી ઈચ્છા, સમર્પણ અને વિશુદ્ધ ભાવના હશે તો શિવત્વ હાથવગું છે એ નિઃસંશય વાત છે. શિવરાત્રીના દિવસે એક પારધીના થયેલા હૃદય પરિવર્તનની પૌરાણિક ખતા તો સૌ જાણે જ છે. હરણાંના વચન પર વિશ્વાસ રાખીને પારધી તેમને તેમના બાળકોને મળવા જવાની રજા આપે છે. માંડ મળેલા એક શિકારરૂપી હરણાંની રાહ જોતો પારધી આખી રાત બીલીના વૃક્ષ નીચે બેસી રહે છે અને બીલીના પાંદડા તોડી તોડીને નીચે નાખ્યા કરે છે. આખા દિવસનો ઉપવાસ, રાત્રી જાગરણ અને બિલ્વપત્ર વડે શિવલિંગનું અનાયાસ થયેલું પૂજન આ બધી બાબતો તેનામાં એક વિશિષ્ટ મનોભૂમિકા સર્જે છે. અને તેમાંય સવાર થતાં જ બચ્ચાઓ માટે મરવા પાછા આવેલા હરણ પરિવારનું વાત્સલ્ય અને વચનપાલન જોઈને તેનું મન દ્રવિત થઈ જાય છે. આ ચોપગા પ્રાણીઓની મહાનતા, સચ્ચાઈ અને વચનપાલન ને વંદન કરે છે તેનામાં શિવત્વ પ્રગટે છે.

દોસ્તો, આ ઉપરાંત શિવદર્શનનું તાત્ત્વિક ચિંદન પણ સમજવા જેવું છે. આપણે ત્યાં 'રામોભૂત્વાં રામમ્ યજેત્' અને 'શિવો ભૂત્વાં શિવં યજેત્' કહેવાયું છે. એટલે કે રામ થઈને રામને ભજીએ કે શિવ થઈ શિવને ભજવા જોઈએ. જીવનું રૂપાંતર શિવમાં થાય એ જ આખરે જીવતરનું સાચું સાર્થક્ય... શિવ બનવાની પ્રેરણા શિવદર્શનથી જ થાય. જ્ઞાનના દેવા શિવજીના મસ્તકમાં સતત જ્ઞાનગંગા વહે છે, શિવભક્ત જ્ઞાન પિપાસુ હોવો જોઈએ. ગંગાજી જેમ શિવજટામાંથી નીકળે છે એમ જ્ઞાની ભક્તિની વિશુદ્ધ બુદ્ધિ જીવનના જટીલ કોયડામાંથી આરપાર નીકળી મુક્તિ મેળવે છે. ભગવાન શિવજીએ નગાધિરાજની હિમાચ્છાદિત ધવલ ગિરિશૃંગ પર બેઠક જમાવી છે. એ જ સૂચવે છે કે જ્ઞાનીની બેઠક વિશુદ્ધ હોવી જોઈએ. ચારિત્ર્યની વિશુદ્ધ બેઠક વગરનું જ્ઞાન શોભતું નથી.

લાગણીનો મેળો
રસિક વાળંદ

શિવાલયમાં પ્રવેશ કરતી વખતે નંદી અને કાચબાને નમસ્કાર કરીએ છીએ. નંદી શિવનું વાહન છે. જે સાચા જ્ઞાનનો વાહક બને તે નંદીની જેમ સર્વત્ર પૂજાય છે. સંસ્કૃતમાં કહેવાયું છે, 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.' કાચબો એટલે કૂર્મ. એ ઈન્દ્રિય નિગ્રહ અને સંયમનું પ્રતિક ગણાય છે. શિવો પાસક સંયમી હોવો જોઈએ. કાચબો આપણને શીખવે છે, 'Slow and Steady wins the race.'

શિવલિંગ પર રહેલી જળાધારીમાંથી સતત ટીપે ટીપે થતો જલાભિષેક આપણને ભગવાન પર સાતત્યપૂર્વક ભાવાભિષેક કરતા રહેવાનું સૂચવે છે. ભક્તિસૂત્રમાં એનું પ્રમામ છે, 'સતુ દીર્ઘકાળ નૈરન્ત્ય સત્કાર સે વિતો દેઢ ભૂમિઃ' ભગવાન શંકરે સર્પોને ધારણ કર્યા છે. સર્પો વિષયોના પ્રતિક છે. વિષ ગ્રંથી કાઢી નાખેલા સાપ જેમ હાનિકારક નથી તેમ નિર્વિષ વિષયો પણ નુકશાનકર્તા નથી. જેમ ઝેરી દવાનું સેવન પણ ડૉકટર વૈદ્યની સલાહ મુજબ જ કરાય તેમ વિષયોનું શાસ્ત્રાજ્ઞા મુજબ કરાય તે હિતકર છે.

જગતના કલ્યાણ માટે હળાહળનું વિષપાન કર્યું, ભોળાનાથ ભોળાભક્તોના સંરક્ષક છે. ત્રિશૂળ અને ડમરું - એક સંહાર અને બીજું સંગીતનું પ્રતિક. સર્જન અને વિસર્જન એ સૃષ્ટિનું સત્ય છે. મસાણમાં દેવ મહાદેવ માણસજાતને નિર્દેશે છે કે જીવ-શિવના મિલનનું મંગલગાન એટલે મૃત્યુ.

મિત્રો, દેવાદિધેવ મહાદેવ વર્ણનાતીત છે. કલ્યાણ, માંગલ્યના સાક્ષાત્ જ્ઞાનરાણા સદાશિવ ભગવાન ભોળાનાથને આજના મહાશિવરાત્રીના પર્વે અનંત નમસ્કાર!!

સ્પર્શમણિ :

નથી રાગ ભૂખ્યો, નથી તાલ ભૂખ્યો, છે ભાવભૂખ્યો ભગવાન સદા!

●●●

ખોટું કરવા માટેની કોઈ સાચી રીત નથી.

●●●

'પરિવર્તન' અનિવાર્ય છે... જુઓને પાણીને પણ તરવું હોય તો 'બરફ' બનવું જ પડે છે...!!!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

પાંચ રાજ્યોની ચૂંટણીઓની જાહેર થયેલ તારીખોનું વિશિષ્ટઅવલોકન

(લોકશાહીના મહાપર્વ - અંક શાસ્ત્ર-જ્યોતિષ શાસ્ત્ર અને એક વિશેષ દિવસનો સંયોગ)

લોકશાહીના જાજરમાન ધબકારા અને મહાપર્વ સમાન ભારતીય રાજકારણમાં જેની સૌ ખુબજ આતુરતા પુર્વક રાહ જોતા હતા અને જે અંગે ખુબજ આકર્ષણ હતું એવી પાંચ વિધાન સભાઓની ચુંટણીઓની તારીખો, ખુબજ સરસ, સુંદર અને આયોજનબધ્ધ રીતે ભારતીય ચુંટણી પંચ દ્વારા તા.૨૬-૨-૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ

મતદાનનો તબક્કો	મતદાનની તારીખ	બેઠકો ની સંખ્યા	રાજ્યનું નામ	જે તે દિવસ માટે મતદાન બેઠકોની કુલ સંખ્યા	મતદાન ની તારીખનો અંક	અંકશાસ્ત્ર મુજબ જે તે દિવસનું મહત્વ
પ્રથમ	૨૭-૩-૨૦૨૧	૩૦	પ.બંગાળ	૭૭	૨+૭=૯	મંગળનો પ્રભાવ
		૪૭	આસામ			
બીજો	૧-૪-૨૦૨૧	૩૦	પ.બંગાળ	૬૯	૧	સુર્યનો પ્રભાવ
		૩૯	આસામ			
ત્રીજો	૬-૪-૨૦૨૧	૩૧	પ.બંગાળ	૪૬૧	૬	શુકનો પ્રભાવ
		૪૦	આસામ			
		૧૩૦	કેરાલા			
		૨૩૪	તામિલનાડુ			
		૩૦	પોંડીચેરી			
ચોથો	૧૦-૪-૨૦૨૧	૪૪	પ.બંગાળ	૨૦૩	૧+૦=૧	સુર્યનો પ્રભાવ
પાંચમો	૧૭-૪-૨૦૨૧	૪૫			૧+૭=૮	શનિનો પ્રભાવ
છઠ્ઠો	૨૨-૪-૨૦૨૧	૪૩			૨+૨=૪	રાહુનો પ્રભાવ
સાતમો	૨૬-૪-૨૦૨૧	૩૬			૨+૬=૮	શનિનો પ્રભાવ
આઠમો	૨૯-૪-૨૦૨૧	૩૫			૨+૯=૧૧=૨	ચંદ્રનો પ્રભાવ

ભારતીયોએ નિહાળ્યો હશે અને ત્યાર બાદ તો દરેક પ્રસાર અને પ્રચાર માધ્યમો દ્વારા આ ચુંટણીની તારીખો અને આનુસાંગિક અન્ય માહિતિઓ લોકોને મળેલ છે. એક નવા ઉમંગ અને ઉત્સાહ સાથે ટુંક સમય પહેલાં ઓપીનીયન પોલ પણ જાહેર થયેલ. આ સમયગાળા દરમ્યાન ગુજરાત સ્થાનિક ચૂંટણીઓ અને પરીણામો સાથે રાજકીય ક્ષેત્રે કાર્યશીલ બનેલ હતુ.

સામાન્ય રીતે ભારતીય ચુંટણી પંચ દરેક પાસાઓને ધ્યાને રાખીને તેમજ જે તે રાજ્ય-પ્રદેશની ભૌગોલીક સ્થિતિ, આબોહવા,ત્યોહાર સ્થાનિક તેમજ સમગ્ર દેશના, જે તે વિસ્તાર માટે કોઈ વિશેષ દિવસો જાહેર રજાઓ અને ઉપલબ્ધ માનવ-શકિત-સુરક્ષા-વહીવટી સરળતા, કુલ બેઠકો-મતદાતાઓ વિગેરે અનેક વિવિધ પરિબળોનો સમન્ય અને યોગ્ય આંકલન કરીને જે તે વિસ્તાર માટે ચૂંટણીની તારીખો -તબકકાઓ અને પરિણામની તારીખ વિગેરે નિયત કરતું હોય છેએકદમ નિષ્પક્ષ અને પારદર્શકતા સાથે ચૂંટણીઓ યોજાય તે માટેના પ્રયત્નો કરવામાં આવતા રહેલ છે. ભારતના ચૂંટણી પંચને આ તકે અભિનંદન પાઠવીએ. આ જ તો ભારતીય લોકશાહીની પરિપકવતા, સત્યતા, રોમાંચકતા અને પારદર્શકતાની અણમોલ કહાની છે. વિશ્વમાં એટલે જ તો ભારતીય લોકશાહી સદા આગે કદમ અને અન્ય દેશો માટે માર્ગ દર્શક-પથ દર્શક બનેલ છે. ભારતની ગૌરવય લોકશાહીને વંદન

આ ચૂંટણીની જાહેર થયેલ તારીખો અને તબક્કાઓ વિશે એક શાસ્ત્ર અને તારીખોનું પોતાનું કોઈ મહત્વ છે કે કેમ ? એ અંગે અવલોકન શર કરેલ ત્યારે થોડી નવાઈ પણ લાગી , હવે શઆતના તબકકાએ અંક શાત્ર-જ્યોતિષશાસ્ત્ર અને રાજકીય પરિબળો અન્વયે આનું કેવું કેટલુ, કેવી રીતે અને શા માટે મહત્વ હશે? એ જાણવું કદાચ રસપ્રદ બનશે એવી આશા છે-એક નવિન અનુમાન ક્ષેત્રે થયેલ સુચિતાર્થો શું છે ? થોડુંક અજુગતું લાગે છે ને? તારીખો અને અંક શારત્ર કે જ્યોતિષ શાસ્ત્રને શું લાગે ? એક મુદા વિશે આજે થોડુંક જાણીએ એ પહેલાં પ્રાથમિક માહિતી રસપ્રદ અને રોમાંચક બનશે. હવે થોડુંક અંક શાસ્ત્ર વિશે જાણીએ.

અંક (૧) સુર્યનો પ્રભાવ (૨) ચંદ્રનો પ્રભાવ, (૩) ગુનો પ્રભાવ, (જે રાહુનો પ્રભાવ (૫) બુધનો પ્રભાવ (૬) શુકનો પ્રભાવ (૭) કેતુનો પ્રભાવ (૮) શનિનો પ્રભાવ અને અંક (૯) માટે મંગળનો પ્રભાવ એવી રીતે અંક શાસ્ત્રમાં ઉલ્લેખ છે.

આમ અંક શાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો દરેક અંકનું પોતાનું આગવું મહતવ હોય છે, ઘણાં સંપૂર્ણ તારીખનો સરવાળો કરીને ભવિષ્યનું આંકલન કરતા હોય છે, જ્યારે અમુક લોકો માત્ર પ્રથમ બે અંકના આધારે ફળકથન કરતાં હોય ધાર્મિક રીતે જોઈએ તો ભગવાનને ધરાવવામાં આવતા ૫૬ ભોગ અને અમુક મંદિર પર બાવન ગજની ધજા વિશે પણ ઘણો ઈતિહાસ અને જ્યોતિષ શાસ્ત્ર તેમજ જુદી રીતે જોઈએ તો અંકશાસ્ત્રનું પણ મહત્વ છે એ વિશે ફરી ક્યારેક વિસ્તૃત ચર્ચા કરીશું, હાલે હવે પાંચ રાજ્યોની ચુંટણીઓ માટે જાહેર થયેલ તારીખો વિશે જાણીએ.

આમ ઉપરોક્ત વિગતે ચુંટણીની તારીખો જાહેર થયેલ છે,હવે પ્રશ્ન એ થાય કે નવું શું? પ.બંગાળમાં કુલ ૨૯૪ બેઠકો છે, જેના માટે આઠ-તબક્કામાં મતદાન થવાનું છે, આસામમાં ૧૨૬ બેઠકો માટે ત્રણ તબક્કા છે,

જ્યારે કેરાલા (૧૩૦) તામિલનાડુ (૨૩૪) અને પાંડીચેરી (૩૦) માટે માત્ર એક જ દિવસે-૬ એપ્રીલના રોજ મતદાન થશે?

અત્યારે એકી તારીખ અને બેકી તારીખ ચુંટણીમાં કે પ્રભાવ પાડશે એ જોવાનું પણ રસપ્રદ બનશે એવી આશા છે કારણ કે એની સાથે જે તે ઉમેદવારોની જન્મ તારીખોનાં અંકનું પણ મુલ્યાંકન કરવું રહ્યું. આ એક અન્ય પરીબળ સામે આવેલ છે, જે પણ રસપ્રદ બનેલ છે. આપ જોઈ શકો છો કે એકી (odd) તારીખે થનાર મતદાનની સાપેક્ષે બેકી (even) તારીખે થનાર મતદાન માટેની બેઠકોની સંખ્યા વધુ જોવા મળશે. પાંચ રાજ્યોની કુલ ૮૧૪ વિધાન સભાની બેઠકો માટે થનાર મતદાન-પૈકી-એકી તારીખ માટે-૧૯૦ બેઠકો અને બેકી તારીખ માટે = ૬૨૪ અને એમાંય માત્ર ૬ એપ્રીલે = ૪૬૫ બેઠકો માટે મતદાન થશે અને પરીણામની તારીખ પણ ૨-૫-૨૦૧૧ છે બેકી સંખ્યા લાગે છે ને આશ્ચર્ય. હવે અહિં સુર્ય અને ચંદ્ર પ્રભાવિત આ ચુંટણીઓ રહેવાની હશે એવું અનુમાન પ્રથમ નજરે જોઈ શકાય છે.

હવે અંક શાસ્ત્ર મુજબ એક અંકની વિશેષતા જાણીએ - સામાન્ય રીતે કોઈ વ્યક્તિ માટે કહેવાનું હોય છે પરંતુ દરેક અંકનું પોતાનો પણ અલગ જ પ્રભાવ દરેક બાબતમાં જોવા મળતો જ હોય છે અને એટલે જ વાહનોના ચક્ર રજીસ્ટ્રેશન નંબર માટે લોકોની ઈચ્છા હોય જ છે. મનુષ્યના જન્મની તારીખ જેમ એના જીવન માટે ખુબજ મહત્વની હોય છે, એમ કોઈ પણ નવી વસ્તુ-સ્થાન-જગ્યા - પરીક્ષા - લગ્ન - અન્ય

સમયસર
સંકલન : કિરીટ બી ત્રિવેદી

સામાજીક રીતિ-રિવાજો માટે પણ તારીખ ખુબજ મહત્વની હોય જ છે. અહિં પ્રથમ નજરે ઘણાને કદાચ ખ્યાલ ન પણ આવે, પરંતુ અંક શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસુઓ માટે વિચારવાનું રહ્યું, એથીય વિશેષ રાજકીય ક્ષેત્રે જે લોકો દરેક રાજકીય ઘટનાઓ અંગે અવલોકનો વિચાર વિમર્શ-વિલેષણ કરતાં હોય છે એ લોકો માટે ફરીથી એક તારીખ ખુબજ ધ્યાન ખેચશે એવું લાગે છે અને એ તારીખ એટલે ૬ એપ્રીલ- જ્યારે આ એક જ દિવસે ચૂંટણીની કુલ બેઠકો પૈકી લગભગ ૫૩% બેઠકો (૪૨૫-બેઠકો માટે મતદાન થવાનું છે. તારીખનો આ જોગ-સંજોગ અચાનક જ સુભગ સંયોગ તરફ લઈ જાય છે,અંકશાસ્ત્રની જીજ્ઞાસા રીતે અને તારીખના પોતાના મહત્વ વિશે વિચારીએ તો અહિં એટલું જ કહેવાનું કે આ દિવસ એક ૫ માટે પણ એક વિશેષ દિવસ છે. પક્ષ અને જે તે પક્ષ-પ્રમુખના જન્મના ગુણો પણ પ્રભાવ પાડતા જ હોય છે. હવે પાંચ રાજ્યોની ચુંટણીઓ અને તેના પરીણામો કેવું સ્વરુપ ધે છે , એ જાણવું આપ સર્વેની જેમ આ લખનારને પણ રહેશે જ. અહિં કોઈ માટે પુર્વ ગ્રહ કે શંકા રાખવાની વાત નથી , અંકશાસ્ત્ર-તારીખના જીજ્ઞાસુ અને અવલોકન કર્તા તરીકે જે હકીકત આધારેની જ વાત છે એ સૌ નિશ્ચિત કરે , પણ જે સંજોગોવશાત નિશ્ચિત થયેલ છે અને જે પ્રત્યક્ષ છે, એ વાત અવલોકનના રુપમાં રજુ કરેલ છે. મનુષ્યના જીવનમાં કોઈ નિશ્ચિત તારીખો એક અલગ જ મહત્વ ધરાવે છે, એ તો સર્વવિદિત બાબત છે. એક વધું અવલોકન-ચુંટણી જાહેરાતની તારીખ -૨૬ = ૨+૬ =૮ બેકી સંખ્યા અને

૨૬-૨-૨૦૨૧---- કુલ સરવાળો પણ = ૨+૬+૨+૨+૨+૧=૧૫=૧+૫ = ૬, સાચે જ અદભુત સંયોગ.

અંદ-શાસ્ત્ર આધારીત અવલોકનો , વિશેષ સુચિતાથ ખરેખર આશ્ચર્યજનક છે કે શું ? ભારતની આઝાદીની તારીખ અને ભારતના તમામ પ્રધાનમંત્રીઓની જન્મ તારીખ અને તેઓનો કાર્યકાળ જેમ એક બીજા સાથે થોડીક ગણિતિક સંભાવના છે (ઈ.સ. મુજબના વર્ષના નિરાધમાં-સપ્ટેમ્બરથી ડીસેમ્બર દરમ્યાન - જે લોકોની જન્મ તારીખો છે, તેવા તમામ પ્રધાન મંત્રીઓનો કાર્યકાળ વધું જોવા મળેલ છે, આઝાદીના ૩૪ વર્ષમાં લગભગ ૮૦% આ અંગે લગભગ ૩૦ વર્ષથી અવલોકનો આ લખનાર દ્વારા થયેલ છે. અંક અને તારીખોનું પણ વિશેષ મહત્વ છે) એમ હમેશા તારીખોનું પોતાનું એક અલગ જ શાત્ર અને મહત્વ હોય છે, રાજકીય વ્યકિતઓ કે સિનેમા જગત સાથે સંકળાયેલી વ્યક્તિઓ પણ જયોતિષશાસ્ત્ર કે અંક શાસ્ત્રમાં માનતા હોય છે અને ઘણી વખત એના આધારે જ કોઈ શુભ કાર્યક્રમોનું આયોજન વિગેરે થતા જોવા મળે છે, એમાં કોઈ અચરજની વાત નથી સામાન્યત દરેક મનુષ્ય ક્યારેક તો અંકશાસ્ત્ર કે જ્યોતિષશાસ્ત્રનો સહારો લે જ છે. એ વાત ભારતીયોથી વધુ કોણ જાણતું હશે. ફરી ક્યારેક વિશેષ અવલોકનો વિશે વાત થશે.

નારી...તું ના કહેતાં શીખ

નારીનાં નામમાં જ નકારો છે અને તોય એને હજી "ના" કહી દેતા નથી આવડતું. જવાબદારી, મર્યાદા, મારું કામ એ બધું એની જગ્યાએ બરાબર છે એ એમનું એમ જળવાઈ રહે એવી રીતે "ના" કહેતા કહેવાની કળા શીખવી જોઈએ.

આપણાં સમાજમાં લગ્ન થાય એટલે સ્ત્રીએ અમુક કામ કરવાનાં એટલે કરવાનાં. સાસરીમાં નવી આવેલી વહુનું સ્વાગત કરતા સાસુમા એને આશીર્વાદની સાથે જવાબદારીઓ આપે છે. એમના ખભેથી વરસો લગી ઉપાડી રાખેલી જવાબદારીઓનું પોટલું સિફતથી વહુનાં ખભે નાંખી દે છે. આ સ્ત્રીઓની કેવી મજબૂરી છે? એમને ઘરની જવાબદારીમાંથી સહેજ હળવા થવું હોય તો એને માટે બીજી સ્ત્રીને માથે એ ભાર નાંખવો પડે! એટલે જ આજની નારીને જરૂર છે "ના..." કહેતાં શીખવાની.

લવ યુ જિંદગી
નિયતી કાપડીયા

તમે કેટલી ઉંમરના છો? ત્રીસ, ચાલીસ, પચાસ...જરાય નવરાશ નથી મળતી, આ વાક્ય તમારા માટે એકદમ સાચું છે, બરાબર ને? નવરાશ નથી મળતી, મળશે પણ નહીં કેમ કે આપણે જાતે જ નવરા થવા માંગતા નથી.

જો એક દિવસ તમારું મન નથી અને તમે એમ કહી દો કે આજે મારે રસોઈ નથી બનાવવી, તો? તમારી તબિયત ઠીક જ છે, કોઈ જાતની તકલીફ નથી પણ બસ એમ જ, "આજે મારો રસોઈ બનાવવાનો મૂડ નથી." આવું કહેતા તમારી જીભ ઉપડશે જ નહીં. હાય મારા બાળકો ભૂખ્યા થયાં હશે, હાય મારો ઘરવાળો કંટાળીને આવ્યો હોય, હાય મારા સાસુ સસરા શું કહેશે...આ હાય હાયમાં જ તમ